ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાંથી 'પર્યાવરણ બચાવો' સાયકલ યાત્રાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૧

શ્રી ભાદરવી પુનમીયા સંઘ સેવા ટ્રસ્ટ તથા અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી દ્વારા આયોજીત પર્યાવરણના જતન માટેની 'પર્યાવરણ બચાવો' સાયકલ યાત્રાનો આજ રોજ સવારે શ્રી જય અંબે પરિવારના શકિતચોક, સેકટર-૧૩-બી ખાતેથી પ્રારંભ થયો હતો. જેમાં ૬૫ સાયકલ યાત્રીઓને સાયકલ તથા કીટસ અર્પણ કરી પર્યાવરણના રક્ષણ માટે પોતાનાથી યથાર્થ પ્રયત્નો કરવામાં આવશે એવી પ્રતિજ્ઞા સાથે વિદાય આપવામાં




આવી હતી. આ પ્રસંગે હરિદ્વારથી પધારેલ યોગાચાર્ય પૂજય સ્વામી શ્રી વિજયાનંદ ભારતીજી દ્વારા પ્રત્યેક જીવના જતન માટે કુદરતે બક્ષેલ પંચ તત્ત્વોને સૌથી વધુ મનુષ્ય જ નુકશાન કરી રહ્યો છે. આ માટે આવી ધાર્મિક અને સામાજીક સંસ્થાઓ દ્વારા યોજાતા કાર્યક્રમોમાં વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી કુદરતી સંપત્તિનું જતન કરવા સૂચન કરવામાં આવ્યું હતું. મોન્ટેક કાર્લોના ચેરમેન કનુભાઈ પટેલ દ્વારા દરેકને સાયકલનો વધુમાં વધુ ઉપયોગ કરી પેટ્રોલ, ડીઝલ અને ગેસથી ચાલતા વાહનોથી થતા વાયુ પ્રદુષણ ઘટાડવા માટે જણાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાદરવી પુનમીયા સંઘ સેવા ટ્રસ્ટના પ્રમુખ નવનીતભાઈ, ભોગીભાઈ, ભરતભાઈ, સરદારધામ ખાતેના આઈ.એ.એસ. ટ્રેનીંગના દાતા જશુભાઈ, મોન્ટેક કાર્લોના ડાયરેકટર સુહાસભાઈ, ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ, ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા તથા શ્રી જય અંબે પરિવારના લલિત પટેલ દ્વારા સાયકલ યાત્રાના ધ્યેયને સિધ્ધ કરવા માતાજીની આરતી કરી, લીલી ઝંડી ફરકાવી યાત્રીને શુભેચ્છાઓ પાઠવી પ્રસ્થાન કરાવ્યું હતું.

દર વર્ષે મા જગદંબાના પ્રાગટય દિન નિમિત્તે યોજાતા શતકભોગ અન્નકુટ ત્રિદિવસીય મહોત્સવનો આજના શુભ મુહૂર્તે દીપ પ્રગટાવી, માતાજીને પ્રિય એવી સુખડીની વાનગી બનાવી પ્રારંભ કર્યો હતો. બપોર પછીના સત્રમાં પરિવારના તેજસ્વી તારલાઓને દાતાઓના હસ્તે ઈનામો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

## વાતવાતમાં

● શહેરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી રંગેચંગે થવા પામી હતી. જેમાં ડીજે ડાન્સ પાર્ટીઓની સાથે સાથે સોસાયટીઓમાં ટેરેસ ડાન્સ પાર્ટી સહિતના આયોજનો જોવા મળ્યા હતા. તથા અનેક 'ચેરિટી' ઉજવણીના આયોજનો પણ જોવા મળ્યાા હતા જેમાં દિવ્યાંગ બાળકોના ટેલેન્ટ શોથી માંડીને વૃધ્ધાશ્રમના વડિલોને જમાડવા સુધીના કાર્યક્રમોનો સમાવેશ થાય છે.




શિયાળાની ઋતુ સાથે સ્વાસ્થ્યનો સીધો સંબંધ હોઈ શહેરમાં રમોત્સવની સીઝન ચાલી રહી છે. ગાંધીનગરના વડનગરા નાગર મંડળ દ્વારા સભ્ય પરિવારો માટે રંગોલી સ્કૂલ ખાતે પરંપરાગત પ્રાચીન રમતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડનગરા નાગર પરિવારોએ ઉત્સાહભેર ભાગ લઈ આનંદ માણ્યો હતો.




શહેરના સેકટર-૩ સ્થિત આવેલ એસ.એસ.વી. કેમ્પસ ખાતે છેલ્લા ત્રણ દિવસથી મેગા એક્ષલ કાર્નીવલની ભવ્ય ઉજવણી થઈ રહી છે. જેને અનુલક્ષી આજે રવિવારના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન બાળકોએ વિવિધ ગીતો પર પોતાનો ડાન્સ રજુ કર્યો હતો. ફિલ્મી ગીતો પર ડાન્સ રજુ કરીને સૌને મંત્રમુગ્ધ બાળકોએ કરી દીધા હતા. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીગણ, ટીચર્સ તેમજ વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.





શહેરમાં જાણે થર્ટી ફર્સ્ટની ઉજવણીનો પ્રારંભ વહેલી સવારથી જ ચાલુ થયો હોય તેવો માહોલ ઘ-૪ સર્કલ નજીક યોજાયેલ 'જલ્સા સ્ટ્રીટ'ના કારણે સર્જાયો હતો. જલ્સા સ્ટ્રીટમાં શહેરના યુવાનો સહિત અનેક પરિવારો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા અને ઝુમ્બા ડાન્સ, એરોબિકસ, ગરબા, રોડ પેઈન્ટિંગ્સ, સ્ટ્રીટ ગેમ્સ વગેરેનો ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો તથા મનભરીને 'સેલ્ફી' ખેંચવાની મોજ માણી હતી. જલ્સા સ્ટ્રીટનું આયોજન 'મારું ગાંધીનગર' સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.




ગાંધીનગરના શીખ સમાજ દ્વારા તેમના ૧૦મા ગુરૂગોબિંદસિંહજીનું ૩૫૧મું પ્રકાશ પર્વ સેકટર-૩૦માં ગુરુદ્વારા ગુરૂનાનક ગ્રંથ સાહિબ ખાતે કરવામાં આવી હતી જેમાં કિર્તન-પ્રાર્થના કરાયા બાદ 'લંગર' એટલે કે સામુહિક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શહેરમાં ૩૧મી ડિસેમ્બરને પગલે નોન વેજની લારીઓ-હોટલો બંધ

ગાંધીનગર, તા.૩૧

સમગ્ર ભારતભરમાં ૩૧મી ડિસેમ્બરની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. નવા વર્ષને આવકારવા અને વર્ષ ૨૦૧૭ને બાય બાય કહેવા યુવા વર્ગ હિલોળે ચઢયું છે. ડીજે પાર્ટીના સથવારે ગીત સંગીતના તાલે ખભેથી ખભા મિલાવી યુવાધન નાચગાન કરે છે ત્યારે ગાંધીનગર શહેર અને આસપાસમાં આવેલ ખાનગી પાર્ટી પ્લોટમાં પણ પાર્ટીઓના આયોજન કરવામાં આવ્યા છે ત્યારે ૩૧મી ડિસેમ્બરના રોજ યુવાનો કેફી પીણું પીને બેકાબુ બને છે. દારૂની મહેફીલો મંડાય છે. યુવાનો દારૂ પીને છાકટા થઈને ફરે છે તેમજ નોનવેજ જમવા જતા ત્યાં પણ નાની મોટી માથાકુટો સર્જાતી હોય છે. તો કોઈક નોનવેજની લારી, હોટલ કે રેસ્ટોરન્ટમાં મોટી બબાલ થઈ જાય છે. પરિણામે વેપારીને મોટું નુકશાન વેઠવાનો વારો આવે છે અને નામ બગડ તે નફામાં. જેથી આ વર્ષે શહેરમાં નોનવેજની લારીઓ, દુકાનો ચલાવતા વેપારીઓએ તો અગમચેતીના ભાગરુપે સવારથી જ પોતાની લારી કે દુકાન બંધ રાખી હતી. જેને પગલે ખબર ના હોય તેવા યુવાનો રાત્રીના સમયે નોનવેજ ખાવા માટે એક સ્થળથી બીજા સ્થળ પર ચક્કર મારતા જોવા મળ્યા હતા. જો કે કેટલાકને તો ભુખ્યા પેટ સુઈ જવાનો વારો આવ્યો હતો. જયારે કેટલાકે ના છુટકે જે મળ્યું તે આરોગી લીધું હતું.

## રકતદાન જાગૃતિ અર્થે ચંદીગઢથી નીકળેલા નાગરિકે સિવિલમાં રકતદાન કર્યું

ગાંધીનગર, તા.૩૧

'રકતદાન'ને મહાદાન ગણવામાં આવે છે. અત્યારે હાલના સમયે રકતદાન માટે નાગરિકો આગળ આવે તે માટે સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓ આગળ આવીને નાગિરકોને રકતદાન કરવા જાગૃત કરી રહી છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ચંડીગઢથી આવેલ ૫૦ વર્ષીય પ્રૌઢે ૧૧૯મી વખત બ્લડ ડોનેશન કર્યું હતું.

દરેક નાગિરકે રકતદાન ફરજીયાત કરવું જોઈએ કારણ કે માત્ર એક બોટલ રકતદાન કરવાથી કોઈની મહામુલી જીંદગી બચી શકે છે. જયારે કેટલાક લોકોની માન્યતા હોય છે કે બ્લડ ડોનેટ કરવાથી અશકિત આવી જાય છે પરંતુ અશકિત નહી સ્ફુર્તિ આવે છે. ત્યારે ગાંધીનગરના આંગણે પધારેલા ચંડીગઢ પંચકુલાના વતની રણદીપ બત્રાએ ૧૧૯મી વખત રકતદાન કર્યું છે. તેઓ નાગરિકોમાં બ્લડ ડોનેશન પ્રત્યે જાગૃતિ આવે તે માટે દરેક રાજયની રાજધાનીની સરકારી સિવિલમાં રકતદાન કરે છે. ઉલ્લેખનીય છે કે જયારે ગાંધીનગર ખાતે રકતદાન કરવા આવેલા રણદીપ બત્રાના માતાનું તે દિવસે ૧૩મું હતું છતાં તેઓએ પોતાની પરંપરા તોડી ન હતી અને ગુજરાત રાજયની રાજધાની ગાંધીનગર આવી પહોંચીને રકતદાન કર્યું હતું. ૫૦ વર્ષની વય હોવા છતાં રણદીપ બત્રાની સ્ફુર્તિ યુવાનોને શરમાવે તેવી હતી. માત્ર ઘરનું પ્રોટીન યુકત જ જમવાનું પસંદ કરે છે. જયારે બહારના ફુડથી તેઓ જોજનો દુર રહે છે. રકતદાન અંગે નાગિરકોમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી રણદીપ બત્રા ભારતના દરેક રાજયમાં પ્રવાસ કરે છે અને ત્યાંના સ્થાનિક નાગરિકોને રકતદાન વિશે સમજણ આપે છે. અને પોતે રાજયના પાટનગરની સિવિલમાં રકતદાન કરે છે ત્યારે તાજેતરમાં જ ગાંધીનગર શહેરના મહેમાન બની રણદીપ બત્રાએ સિવિલમાં રકતદાન કરીને સૌ નગરજનોને રકતદાન મોટી સંખ્યામાં કરવા હાકલ કરી હતી.

## ચિરવિદાય

- સ્વ. ભાનુશંકર અમૃતલાલ પંડયા, ઉ.વ. ૯૦
- સ્વ. સવિતાબેન દશરથભાઈ દાતણીયા, ઉ.વ. ૬૫

# ઉત્સવ ઉજવવા નશાની નહી હોશની જરૂર

**'થર્ટી ફર્સ્ટ'ની ઉજવણીના નામે દારૂ પાર્ટીઓના વધતા ક્રેઝ પર લગામ તાણવી જરૂરી બની છે : થર્ટી ફર્સ્ટનો દારૂ હોય કે જન્માષ્ટમીનો જુગાર, કાયદાના કડક અમલ સાથે સમાજને ખોટી પ્રથા ખૂંચે તે પણ એટલું જ જરૂરી**



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૩૧

લો, વધુ એક નવું વર્ષ આવી પહોંચ્યું અને આ અંગ્રેજી વર્ષને આવકારવા કરતા જુના વર્ષને વિદાય આપતી 'થર્ટી ફર્સ્ટ'ની ઉજવણી વધુ લોકપ્રિય છે. જીવનમાં ઉત્સવોનું ખુબ જ અગત્યનું સ્થાન છે કમ કે આજના ઝડપી યુગમાં જયારે સ્પર્ધાત્મકતાનું તત્વ માનવીના મન પર સવાર થયેલું છે તેમાં મોંઘવારીના સ્પીડબ્રેકર નડતરરૂપ બને છે ત્યારે તણાવ વધતો જાય છે. રોજીંદા જીવનની ઘટમાળમાંથી પેદા થતા તણાવને મુકત કરવા 'ઉત્સવ' ખૂબ ઉપયોગી બને છે. જો કે આજકાલ ઉત્સવોની ઉજવણીમાં પણ 'દેખાદેખી'નું મહત્વ વધ્યુંહોવાથી ઘણી વાર ઉત્સવ જ ઉપાધિરૂપ બને છે. વળી, હવે જે રીતે ઉત્સવોની ઉજવણી થાય છે, ખાસ કરીને 'થર્ટી ફર્સ્ટ'ની ઉજવણી જાણે દારૂનો નશો કર્યા વગર થઈ જ ના શકે તેવી જે માન્યતા બંધાઈ છે તે ચિંતાજનક પરિસ્થિતિ તરફ દોરી જાય છે. કોઈ પણ ઉત્સવની ઉજવણીનો વિરોધ ના હોય પરંતુ જે રીતે ઉજવવાની માનસિકતા બંધાય છે તે પ્રત્યે સાવધ થવું ચોકકસ જરૂરી છે.

અનેકતામાં એકતા અને પ્રત્યેક વિચારધારાને આવકારતા ભારતમાં ૧૨ માસમાં આશરે ૧૫ વખત નવું વર્ષ આવે છે તેવી હાલત છે. જો કે વિક્રમ સંવત કે હિન્દુ નૂતન વર્ષની જગ્યાએ હવે રોજીંદા વ્યવહારમાં સ્વીકૃતી પામેલા અંગ્રેજી કેલેન્ડરના નૂતન વર્ષનું મહત્વ સ્વાભાવિક રીતે જ વધી રહ્યુ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ આમ પણ ભારતીયોને આકર્ષતી આવી છે એટલે પશ્ચિમી કેલેન્ડરના નવા વર્ષની ઉજવણી પણ ભલે તેમની અને આપણી ભૌગોલિક પરિસ્થિતિ વિભિન્ન હોય છતાં તેમનું જ અનુકરણ કરીને કરાય ને... તેવી માન્યતા સહજ બનાવી દીધી છે. 'જયાં જીવન એક ઉત્સવ છે' તેવી કેચલાઈન ધરાવતા વાઈબ્રન્ટ મહોત્સવના ગુજરાતના પાટનગર જેનું નામ 'મહાત્મા ગાંધી' પરથી પાડવામાં આવ્યું છે તેવા 'ગાંધીનગર' સુધ્ધામાં દારૂ સરળતાથી મળી રહે તેવી પરિસ્થિતિ સામાન્ય છે. કાયદો વ્યવસ્થામાં સબ સલામતની વાતો કરતા પોલિસ તંત્ર દ્વારા પણ 'ચુંટણીઓ કે થર્ટી ફર્સ્ટ' વગેરે સમયે 'સીઝનલ' દરોડા પાડી ફરજ નિભાવી દેવાય છે. હકીકતમાં દરેકને ખબર છે કે દારૂનો વેપાર નીચેથી ઉપર સુધી કેટલો 'મલાઈદાર' છે અને 'થર્ટી ફર્સ્ટ'ની અનેક પાર્ટીઓમાં શરબતની જેમ દારૂ પીરસાય છે. ગુજરાતમાં દારૂબંધીના કારણે મહિલાઓની સુરક્ષાની ગુલબાંગો મારનારાઓએ ક્રાઈમ બ્યુરોના આંકડા તપાસી લવા ઘટે. જો કે સવાલ માત્ર વહીવટીતંત્રનો પણ નથી, સમાજમાં જે રીતે દારૂ બાબતે નવી પેઢીની વિચારસરણી 'ખુલ્લી' બનતી જાય છે તે સ્થિતિ જરૂર ચિંતાજનક છે.

સોશ્યલ મીડિયા પર દારૂ પાર્ટીના જોકથી માંડીને ફિલ્મી ગીતોમાં શરાબની વાતોને આગળ ધરીને પાર્ટીમાં દારૂ ના પીવે કે ના પીવડાવે તેને ઓલ્ડ ફેશન ગણવામાં આવે છે. લગ્ન સમયે મિત્રો માટે 'વ્યવસ્થા' કરવાથી માંડીને 'થર્ટી ફર્સ્ટ' 'કોરી' થોડી જવા દેવાય જેવી વાતોથી દારૂને 'ટેકન ફોર ગ્રાન્ટેડ'



લેવાઈ રહ્યું છે. તમાકુના પાઉચ કે સિગારેટ પર 'સ્વાસ્થ્ય માટે હાનિકારક'ની સૂચના લખાય છે પરંતુ દારૂ માટે તો સદંતર પ્રતિબંધ છે તે જાણે સિફતપૂર્વક ભૂલાવી દેવામાં આવે છે. દારૂના કારણે અસંખ્ય પરિવારો બરબાદ થયા છે, માત્ર પાર્ટી પુરતી જ કયારેક શરૂઆત કરનારને કયારે લત લાગી જાય છે તેની ખબર રહેતી નથી અને એકવાર લાગેલી 'લત' છોડાવવી મુશ્કેલ બની જાય તે હદે પહોંચતા વાર નથી લાગતી. છેવટે આ 'લત' જુઠ્ઠુ બોલવાથી ચાલુ કરાવીને ચોરી કરવા સુધી દોરી જાય છે અને માનો કે ચોરી કરવી પડે તેવી પરિસ્થિતિ ના હોય તો પણ દારૂના નશામાં સારા નરસાનું ભાન ગુમાવવાથી ઝઘડા-ટંટા-ફસાદ સર્જાય, નશામાં વાહન ચલાવવાથી અકસ્માત સર્જાય, સ્વાસ્થ્ય પર ગંભીર અસરો પડે તેવી પરિસ્થિતિના ભોગ જરુર બનાય છે. યુવા વર્ગમાં મિત્રોના આગ્રહ અને મનમાં રહેલી જુગુપ્સાને લીધે પીધેલો દારૂ કે બીયર કયારેક ફસામણીની પરિસ્થિતિમાં લાવી મૂકે, બ્લેકમેઈલીંગનો ભોગ બનો કે સરળતાથી લૂંટાઈ જાવ તેવી સ્થિતિ સર્જાતા વાર નથી લાગતી. નશો કરાવી મોકાનો ફાયદો ઉઠાવતા તત્વો દિકરીઓ માટે કયારેક બિહામણું ચિત્ર ખડું કરી શકે છે. હવે તો સોસાયટીઓમાં કે મિત્ર પરિવારોમાં 'અમે તો સાથે જ પ્રોગ્રામ કરી છીએ'ની માનસકિતા સાથે કરેલા આયોજનો સંતાનોને ખોટા સંદેશ પાઠવે છે એટલું જ નહી પરંતુ કયારેક પોલિસ સહિતના તંત્રને ભ્રષ્ટાચારનો મોકો પુરો પાડે અથવા છાપે ચઢી બદનામ સુધ્ધાં થઈ જાય છે. થર્ટી ફર્સ્ટની દારૂ પાર્ટી હોય કે જન્માષ્ટમીનો જુગાર, જે સમાજને ખૂંચવું જોઈએ તે ખૂંચતું નથી તે વાત ખૂંચે તેવી છે.

ઉત્સવની ઉજવણી કરવા નશો કરવો જરૂરી નથી. સાચી ઉજવણી તો અંદરના ઉત્સાહ અને ઉમંગથી થાય છે. તમે નવરાત્રિમાં મન મુકીને ગરબે ઘુમતા ખેલૈયાઓને જુઓ કે મહત્વની મેચમાં વિજય મેળવી ઉત્સાહ વ્યકત કરતા ખેલાડીઓ જુઓ, તેમનો 'નશો' દુનિયાના તમામ નશા જે કોઈ પ્રવાહી કે પદાર્થથી પેદા થાય છે તે બધા સાવ ફિક્કાં ફરસ લાગશે. ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ ભલે તમામ સંસ્કૃતિના તહેવારો પ્રત્યે સદભાવ રાખી તેને અપનાવો અને ઉજવો પરંતુ તેનું વિવેકબુધ્ધિ વાપર્યા વગરનું અનુકરણ ઉત્સવના મુળ હેતુને ભૂલાવી તેમને 'આડે' રસ્તે તો ચઢાવી નથી રહ્યું તે જરૂર જુઓ. ગાંધીના ગુજરાતમાં હવે તો 'અમે દારૂબંધીના કડક અમલ માટે નવો કાયદો બનાવ્યો છે' તેવું કહેતી જુની સરકાર ફરી નવી બની છે અને વ્યસનમુકિત આંદોલન થકી 'લોકપ્રિયતા' હાંસલ કરેલા ઉમેદવારો પણ ચૂંટાઈ આવ્યા છે ત્યારે આ નવા કાયદાનો કેટલો 'અસરકારક' અમલ થશે તે જોવું રહ્યું.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com